**મે. અમદાવાદના એડી. ચીફ મેટ્રોપોલીટન્ટ મેજીસ્ટેટ કોર્ટ નં.૧૩ સાહેબની કોર્ટમાં.**

**<u>કેસ નં. ૭૨૯૨૧/૧૮</u>**

ફરિયાદી : શ્રી સરકાર.....

વિ

આરોપીઃ કમલેશભાઈ ભગવાનદાસ પટેલ

<u>ગુન્હોઃ</u>– ઈ.પી.કોડની કલમ ૧૮૮ મુજબ

**<u>–: ઠરાવ :–</u>**

(૧) આ કામે ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ મે. જીલ્લા મેજી. સાહેબના જાહેરનામાનો ભંગ કરી, આરોપીએ ઈ.પી.કોડની કલમ ૧૮૮ મુજબનો ગુન્હો કરેલ હોવા બાબતની ફરિયાદીના ફરિયાદ આધારે પોલીસ સ્ટેશને ગુનો દાખલ કરી, તપાસ કરનાર અમલદારે આગળની તપાસના અંતે આરોપી વિરૂધ્ધ ઈ.પી.કોડની કલમ ૧૮૮ મુજબના ગુન્હાનું ચાર્જશીટ કરી અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે.

(૨) આરોપી સામે ચાર્જશીટ રજુ થતાં અને આરોપીને સમન્સ કરતાં આરોપી આજરોજ કોર્ટ રૂબરૂ હાજર રહેતા અને તેની સામેનો ગુનો તેઓ જાતે કબુલ કરવા માંગતા હોય અને તે અંગેની ગુન્હો કબુલ કરતી લેખિત ગુન્હા કબુલાત પુરશીશ રજુ કરતા તેને પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાત્રી કર્યા બાદ આરોપીને તેની સામે આક્ષેપાયેલા ગુન્હા અંગેની સમજ કરવામાં આવેલ અને આરોપીએ સ્વેચ્છાએ કોઈપણ જાતના દબાણ વગર ગુનો કબુલ કરતાં હોવાનું જણાવુલ છે જેથી આરોપીનું સદર ગુના અંગેનું નિવેદન નોંધતા તેમાં પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૩) આમ આરોપી તેની સામેનો ગુન્હો સ્વેચ્છિક રીતે કબુલ કરતો હોય અને તે અંગેની

લેખિત ગુન્હા કબુલાત પુરશીશ રજુ કરેલ છે. તેમજ આરોપીનું નિવેદન નોંધવામાં આવતાં તેમાં પણ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે અને આરોપીએ તેની ગુના કબુલાત પુરશીશમાં જણાવેલ છે કે, તેઓ ગરીબ – મજૂર વર્ગનો માણસ છે, તેઓનો આ પ્રથમ ગુનો છે અને ફરી આવો ગુનો નહી કરે તેમ જણાવે છે, જેથી આરોપીની સ્વેચ્છિક ગુના કબુલાતનો સ્વીકાર કરી, કેસની હકીકતો અને સંજોગો ધ્યાને રાખી સદરહું ગુનામાં આરોપીને તકસીરવાન ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૨ અન્વયે તેઓની સામેના ઈ.પી.કોડની કલમ ૧૮૮ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી ઈ.પી.કોડની કલમ ૧૮૮ માં ૧૦૦/– (અંકે રૂા. સો પુરા) દંડ ફરમાવવામાં આવે છે અને જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન – ૫ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા. ૦૮ માહે સપ્ટેમ્બર સને ૨૦૧૮ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૮/૦૯/૨૦૧૮
અમદાવાદ.

(સુરેશકુમાર કલુદાન ગઢવી)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૧૩, અમદાવાદ
CODE NO. GJ01023